ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૮૫ ટકા

# સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે વિશ્વ મચ્છર દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૨૨

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે આચાર્યશ્રી ડૉ. એમ. જી. ભટ્ટ સરના માર્ગદર્શન હેઠળ વનસ્પતિશાસ્ત્ર વિભાગ, પ્રાણીશાસ્ત્ર વિભાગ અને ઈકો ક્લબ ના સયુંકત ઉપક્રમે તા. ૨૧-૦૮-૨૦૨૩ ના રોજ "વિશ્વ મચ્છર દિવસ" ની ઉજવણી કરવામાં આવી . જેમાં આરોગ્ય વિભાગ, જીવરાજ મહેતા ભવન ખાતે સ્ટેટ મેલેરિયા ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રીમતી મમતાબેન દત્તાણી એ "ફીર્ષ્ઠ ર્મિહી હ્રૈજીદ્દજી ર્ઝહંજ્ઞિં ખ્રિટ્ટિદ્બદ્બી" પર મચ્છરજન્ય રોગો તથા તેનાથી થતો ફેલાવો અટકાવવા માટેનું વ્યાખ્યાન રજૂ કર્યું હતું. તેઓએ ગાંધીનગર તથા તેની આસપાસ આવેલ ડેન્ગ્યુ તથા ચિકનગુનિયાનાં નિદાન કેન્દ્ર વિષે માહિતી આપી હતી. તેઓએ મચ્છરનાં જીવનચક્ર, કેવી જગ્યાએ તે ઈંડા મૂકે છે તથા મલેરિયા, ડેંગ્યુ તથા ચિકનગુનિયા જેવા રોગો ક્યાં કારણસર ઝડપ થી ફેલાય છે અને તેનાથી સાવચેતી કઈ કઈ રીતે રાખવી તે વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. મચ્છરજન્ય રોગો નાબૂદ કરવા માટે તેઓની ટીમ લોક જાગૃતિ ફેલાવવા માટે કઈ પ્રવૃત્તિઓ કરે છે તે વિષેની ખૂબસરસ જાણકારી આપી હતી.

# ગાંધીનગર ગ્રામહાટ ખાતે રાખી મેળો- ૨૦૨૩

## રાખી મેળામાં ગાંધીનગર જિલ્લાની સ્વસહાય જુથની બહેનો તા.૨૮ સુધી રાખડીની સાથે આર્ટ એન્ડ ક્રાફ્ટની વસ્તુઓનું વેચાણ કરશે



ગાંધીનગર, તા.૨૨

દીનદયાળ અંત્યોદય રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર દ્વારા આયોજિત 'રાખી મેળો-૨૦૨૩'નું ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપનીના મેનેજિંગ ડિરેક્ટર મનિષ બંસલે રિબિન કાપીને ઉદ્ઘાટન કર્યું હતું. દરેક સ્ટોલ પર જઈને મહિલાઓ સાથે વાતચીત કરી હતી અને આ હાટ દ્વારા થતાં આર્થિક ઉપાર્જનની જાણકારી મેળવી હતી. રાખીમેળામાં ગાંધીનગર જિલ્લાના દહેગામ, કલોલ, માણસા અને ગાંધીનગર તાલુકાની સ્વસહાય જુથની બહેનોએ હેન્ડમેડ વસ્તુઓના ૬૪ જેટલા સ્ટોલ લગાવ્યાં છે. હાટમાં આર્ટ એન્ડ ક્રાફ્ટની વસ્તુઓની સાથે ફૂડ કોર્ટના સ્ટોલ પણ રાખવામાં આવ્યા છે. જેથી શહેરીજનો ખરીદી કરવા આવે ત્યારે ખાણીપીણીની મજા માણી શકે. રાખી મેળામાં ગાંધીનગર જિલ્લાની સ્વસહાય જુથની બહેનો જાતે બનાવેલી આર્ટ એન્ડ ક્રાફ્ટની વસ્તુઓનું તા.૨૮ ઓગસ્ટ સુધીનું વેચાણ કરશે. રાખી મેળામાં યોજાયેલા હાટમાં રાખડી, જાતે બનાવેલી એપ્લીક અને ભરત ભરેલી સાડી તેમજ ચાદર, કલાત્મક પર્સ, બ્રેસલેટ, ઈયરરિંગ્સ, થ્રેડ અને ફેબ્રિકની જવેલેરી, મંડલા આર્ટની વસ્તુઓ અને વરલી પેઈન્ટિંગ સહિતની વસ્તુઓને વેચાણ માટે રાખવામાં આવી છે. ગાંધીનગર શહેરના ઉત્સવ પ્રિય લોકો માટે 'રાખી મેળો-૨૦૨૩' કલાત્મક વસ્તુઓ ખરીદવાની ઉત્તમ તક પૂરી પાડશે. કાર્યક્રમમાં ડિસ્ટ્રિક્ટ રૂરલ ડેવલપમેન્ટ એજન્સીના ડાયરેક્ટર બિપીનકુમાર પટેલ, ડિસ્ટ્રિક્ટ લાઈવલીહૂડ મેનેજર કિરણ વ્યાસ, ડિસ્ટ્રિક્ટ રૂરલ ડેવલપમેન્ટ એજન્સીના અધિકારી ગણ, સ્વસહાય જુથની બહેનો અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પીડીઈયુ અને શેલ દ્વારા બાયોડીઝલ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા.૧૮

ઊર્જા પહેલમાં નોંધપાત્ર છલાંગ લગાવતા, પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટીએ તેના કેમ્પસમાં સ્વદેશી અને નવીન




૧૦૦-લિટર બેચ સાઈઝના બાયોડીઝલ પ્લાન્ટનું અનાવરણ કર્યું છે. ડાયરેક્ટર જનરલ પ્રો. એસ. સુંદર મનોહરન અને શેલ એનર્જી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર રાહુલ દીપ સિંહ દ્વારા સંયુક્ત રીતે આ સુવિધાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. બાયોડીઝલ પ્લાન્ટને ૨૦૨૧ થી શેલ એનર્જી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના કોર્પોરેટ સામાજિક જવાબદારી (સીએસઆર) ભંડોળના સમર્થન સાથે સંશોધન વિદ્યાર્થીઓ અને સેન્ટર ફોર બાયોફ્યુઅલ એન્ડ બાયોએનર્જી સ્ટડીઝ (સીબીબીએસ)ના ફેકલ્ટી દ્વારા ડિઝાઈન, વિકસિત અને બનાવવામાં આવ્યું હતું.

આ પ્લાન્ટ ફીડસ્ટોકની વિશાળ શ્રેણીને સંભાળી શકે છે, જેમ કે, બિન-ખાદ્ય તેલ, વેસ્ટ રસોઈ તેલ, એસિડ તેલ, તેને બાયોડીઝલમાં રૂપાંતરિત કરવા માટે, જ્યારે ઉદ્યોગના ધોરણો દ્વારા નિર્ધારિત ગુણવત્તાને પરિપૂર્ણ કરે છે.

સરકારની નીતિ મુજબ ઉત્પાદિત બાયોડીઝલને ખનિજ ડીઝલ સાથે સીધું ભેળવી શકાય છે. પ્લાન્ટને અર્ધ-કુશળ સંચાલકો દ્વારા સંચાલિત કરી શકાય છે અને તેથી, ખેડૂતોની આવક વધારવા માટે ગ્રામીણ અને કૃષિ ક્ષેત્ર સાથે સરળતાથી સંકલિત થઈ શકે છે.

# શહેરને સવાર અને સાંજે પૂરતા ફોર્સથી પાણી આપવા માંગણી

ગાંધીનગર શહેરને ૨૪ કલાક પાણીનો પુરવઠો આપી શકાય તે માટેની યોજના પ્રગતિમાં છે . આ યોજના કાર્યાન્વિત થાય ત્યારે પ્રથમ તબક્કામાં સવારમાં ત્રણ કલાક અને સાંજે બે કલાક પૂરતા ફોર્સ સાથે પાણી મળી રહે તેવું આયોજન કરવા માંગણી કરાઈ છે. ગાંધીનગર શહેરમાં વર્ષોથી સવારમાં ત્રણ કલાક પાણી આપવામાં આવે છે, તેથી પાણીનો સંચય કરવા માટે દરેક ઘરમાં ટાંકી વગેરેની સુવિધાઓ ઊભી કરવામાં આવેલી છે. ૨૪ કલાક પાણી મળવા સંદર્ભમાં લોકો પાણીના કરકસરપૂર્વકના ઉપયોગ માટે માનસિક રીતે તૈયાર થાય તે જરૂરી છે. પ્રારંભિક તબક્કે નિયંત્રિત કલાકો માટે, પૂરતા ફોર્સથી પાણી મળે તે ઈચ્છનિય છે . આથી પાણીનો બગાડ થતો અટકશે અને યોજનાનો રીકરીગ અને રીપેરીંગ ખર્ચ ઓછો આવશે. નવી પાઈપલાઈન દ્વારા પૂરતા ફોર્સથી પાણી આપવાની યોજના અમલમાં મૂકતા એકાદ વર્ષ જેટલો સમય પસાર થવાની સંભાવના છે તે દરમિયાન મોટા પ્લોટોમાં થતા પાણીના બગાડ પર નિયંત્રણ મૂકવાની આવશ્યકતા છે. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ શહેરના પ્રબુદ્ધ નાગરિકોની , રાજ્ય અને શહેરના પ્રશ્નોનો રચનાત્મક ઉકેલ સૂચવતી સંસ્થા છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ સહિત ની સાત જેટલી અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ પણ ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ સાથે સંલગ્ન છે. યોજના મુજબ પાણી આપવાનો પ્રારંભ થાય ત્યારે પરિષદ તરફથી પણ લોકોને પાણીના સુચારુ ઉપયોગ માટે અપીલ કરવામાં આવશે.

# ડભોડા હનુમાન મંદિરે મેડિકલ કેમ્પ



ગાંધીનગર, તા.૨૨

ઈલેક્ટ્રોનીકા ફાયનાન્સ તેમજ ડભોડા હનુમાન મંદિર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ની:શુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન થયું હતું. જેમાં અમદાવાદની એસ.એમ.એસ. મલ્ટી સ્પેશયાલીટી હોસ્પિટલના ચામડીનો વિભાગ,જનરલ મેડિસિન વિભાગ, સ્ત્રી રોગ વિભાગ, કાન નાક ગળાનો વિભાગ, બાળકોનો વિભાગ અને ઓર્થોપેડિક વિભાગના અનુભવી ડોક્ટરની ટીમ દ્વારા ખુબ જ સારી સેવા આપવામાં આવી. ૧૫૦ થી પણ વધુ લોકો એ આ કેમ્પનો લાભ લીધો અને તેમને ફ્રીમાં મેડિસિન પણ હોસ્પિટલ દ્વારા આપવામાં આવી. આ સમગ્ર કેમ્પને સફળ બનાવવા ઈલેક્ટ્રોનીકા ફાયનાન્સ ના માર્કેટિંગ ઓફિસર જયભાઈ પ્રજાપતિ, ડભોડા ગામ પંચાયતના સરપંચ આનંદીબેન બી. પરમાર તથા ડભોડા હનુમાન મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, સીએસસી સેન્ટરના અશોકભાઈ પટેલ તેમજ એસ.એમ.એસ. મલ્ટી સ્પેશયાલીટી હોસ્પિટલના રાજેશભાઈએ ખુબ જ જહેમત ઉઠાવી હતી.

# અશ્વિનભાઈ એ.પટેલ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સ્વચ્છતા સંસ્થાની મુલાકાત



ગાંધીનગર, તા.૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિન ભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા ટીવાયના વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણીય સ્વચ્છતા સંસ્થાની મુલાકાત યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને પર્યાવરણની સ્વચ્છતા માટે કેવી કેવી કામગીરી કરવી જોઈએ તેમની માહિતી પુરી પાડવામાં આવી હતી. તે ઉપરાંત વિદ્યાર્થીઓને પર્યાવરણીય સ્વચ્છતા સંસ્થા દ્વારા કરવામાં આવતી જુદી જુદી પ્રવૃત્તિઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. આ મુલાકાતમાં અચલભાઈ વ્યાસ અને દેવેન્દ્રભાઈ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ હતું. આ માહિતીનો વિદ્યાર્થીઓએ સંપૂર્ણ લાભ લીધો. આ મુલાકાતનું સફળ આયોજન કોલેજના પ્રોફેસર ડૉ.જીગ્નેશ તોગડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ મુલાકાતના સફળ સંચાલન અંગે ડૉ. વિજ્ઞા ઓઝા દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

# જૂજ ખાલી પડેલી બેઠકોમાં પ્રવેશ માટે સે-૧૫ અને આરસોડિયા ખાતે આઈટીઆઈમાં પ્રવેશ માટે તા. ૨૩ થી ૩૧ ઓગસ્ટ સુધી ચોથો રાઉન્ડ

ગાંધીનગર, તા.૨૨

રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળની ગાંધીનગર અને કલોલની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે કેટલાક વ્યવસાયોમાં પ્રવેશસત્ર ઓગષ્ટ-૨૦૨૩ માં જુજ બેઠકો ખાલી રહી છે. આથી પ્રવેશવાચ્છુ ઉમેદવારોએ સરકારી આઈ.ટી.આઈ ગાંધીનગર અને આરસોડીયા, કલોલ ખાતેથી તેમજ ઈન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન https://itiadmission. gujarat .gov.in ઉપરથી નવીન પ્રવેશ ફોર્મ ભરી સંસ્થા ખાતે પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો સંસ્થા ખાતે રૂ.૫૦/- રજીસ્ટ્રેશન ફી સાથે જરૂરી પ્રમાણપત્રો સહીત પરત જમા કરાવવાનુ રહેશે. જે ઉમેદવારોએ અગાઉ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરેલ હોય અને કોઈ કારણોસર પ્રવેશ મેળવી શકેલ ન હોય તો તેવા ઉમેદવારોએ અલગથી રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેતી નથી. તેઓએ ઓનલાઈન પ્રવેશ ફોર્મ, રજીસ્ટ્રેશનની રસીદની ઝેરોક્ષ નકલ સહિત સંબધિત સંસ્થાને અરજી કરવાની રહેશે. આગામી ૨૩ થી ૩૧ ઓગસ્ટ સુધી ઉમેદવારો ઓનાલાઈન ફોર્મ અને રજીસ્ટ્રેશન ફી ભરીને પ્રવેશ મેળવી શકશે.



દહેગામ તાલુકા કક્ષા નો કલા ઉત્સવ બીઆરસી ભવન દહેગામ ખાતે આયોજન કરવામા આવ્યું હતું.

# છ જિલ્લાના ફિલ્ડ વર્કરો માટે નેતૃત્વ વિકાસ તાલીમનું આયોજન



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સ્થિત સમાજ સેવી સંસ્થા સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘના નિયામક ફાધર ઝેવિયર જેમ્સની આગેવાની હેઠળ સભ્યો દ્વારા નેતૃત્વ વિકાસ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્તર ગુજરાતના છ જીલ્લામાં કામ કરતા ૪૦ ફિલ્ડ વર્કરો અને સ્ટાફ તથા સમાજકાર્યના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઉપસ્થિત સભ્યોના જીવનમાં ખુબજ ઉપયોગી બની રહે તે માટે ફાધર ઝેવિયર જેમ્સ દ્વારા નેતૃત્વ વિકાસ માટેની તાલીમ આપવામાં આવી હતી.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.ડાભી વેલાજી નવુજી** ઉ.વ.૫૪, રૂપાલ
- **સ્વ.સોલંકી ભાવેશજી કેશાજી** ઉ.વ.૪૩, આલમપુર
- **સ્વ.પરમાર લલીતભાઈ લક્ષ્મણભાઈ** ઉ.વ.૨૭, સે-૨૪
- **સ્વ.વાઘેલા લાલસિંહ કેશરીસિંહ** ઉ.વ.૫૬, લેકાવાડા
- **સ્વ.ઠાકોર રણજીતજી માધાજી** ઉ.વ.૪૧, સેકટર-૧૫,ફતેપુરા
- **સ્વ.રામી રાજેશકુમાર કાન્તિલાલ** ઉ.વ.૬૧, ગાંધીનગર
- **સ્વ.ઠાકોર દશરથજી મફાજી** ઉ.વ.૪૨, ગોલથરા, કલોલ

## જન્મદિને વધામણી



દર્શના કમલેશ બેંકર
મો. ૯૯૧૩૧ ૪૩૬૦૦



દેવાંશ કલ્પેશ બાલપાંડે



સોનમ મુકેશ પરમાર



શ્રીજા ચેતન ભુવા



જયપાલસિંહ રાણા
મો. ૬૩૫૩૦ ૦૨૫૦૮



ધવલસિંહ રાઓલ ચાવડા
પ્રમુખ, ગવર્મેન્ટ કોમર્સ કોલેજ
મો. ૭૦૧૬૨૭૩૮૯૬



ગિરીશભાઈ કે.શાહ
મો. ૭૭૭૯૦ ૧૭૬૫૯

# મેયર દ્વારા મનોજભાઈ જોષીનું સન્માન

ગાંધીનગર, તા.૨૨

મેયર હિતેશભાઈ મકવાણા દ્વારા નગરના મનોજ જોષીનું તેમની સમાજ અને પર્યાવરણ સેવાના ઉપલક્ષમાં ૧૫મી ઓગષ્ટ એ "સન્માન પત્ર" આપી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. નાનપણથી શાળાના, સેક્ટરના કે સોસાયટીમાં વૃક્ષારોપણ કરી અને બાળકોને પણ આ સાથે જોડતા આવ્યા છે. ઉનાળામાં પક્ષીઓ માટે ઘરે ઘરે ફરી પાણીની પરબ અને પક્ષીના માળા આપવા એ તેમનો પર્યાવરણ પ્રેમ જ છે. જ્યારે રક્તની જરૂર પડી છે ત્યારે દર્દી સુધી પહોંચી રક્તદાન કર્યું છે. આજ સુધી ૭૮ વખત રક્તદાન કર્યું છે. ગાંધીનગરની સેવાભાવી સંસ્થાઓ- ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ, નિર્મોહી આશ્રમ, અરુણોદય સેવા ટ્રસ્ટ,



નવચેતના, સ્ત્રી ચેતના, માનવ અધિકાર અને મહિલા બાળ વિકાસ સંસ્થા, પ્રયોશા મહિલા વિકાસ, શ્રી મધુરમ ફાઉન્ડેશન, શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાત રાજ્યકક્ષા સહિત અનેક સેવાભાવી સંસ્થાઓમાં યોગદાન સતત આપી રહ્યા છે.

# સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા સર્ટિફિકેટ કોર્સીસ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૨૨

સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના અભ્યાસક્રમની સાથે-સાથે બાહ્ય સ્કીલનો વિકાસ થાય તે હેતુ ને ધ્યાનમાં રાખીને સાયન્સ તથા કોમર્સ વિષયમાં નવા ત્રણ સર્ટિફિકેટ કોર્સીસ જેવા કે ટેલી, પાયથોન બેજિક તથા ઈંગ્લિશ ફાઉન્ડેશનનો ઉદ્‌ઘાટન સમારોહ યોજવામા આવ્યો હતો. આ સર્ટિફિકેટ કોર્સીસ વિદ્યાર્થીઓને ભણવા ઉપરાંત તેમના સર્વાંગી વિકાસ માટે પણ મદદરૂપ સાબિત થશે. આ ઉદ્‌ઘાટન સમારોહમા પરસિસ્ટ આઈ. ટી. સર્વિસ, ગાંધીનગરનાં ડાયરેકટર શ્રીમતી ટીના પટેલ તેમજ સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રીન્સીપાલ ડો. રાજેશ મહેતા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે કોલેજના સત્તામંડળ તરફથી સર્વને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.